Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૧૨ ● સળંગ અંક : ૧૧૦૦ ● પ્રકાશિત તા-૨૨-૧-૨૦૨૬,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### શું પાટીદાર પાવર ફરી કેન્દ્રસ્થાને?

# અનાર પટેલને ખોડલધામના અધ્યક્ષ બનાવાતા રાજકારણમાં ગરમાવો..!!

**પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના પુત્રી અનાર પટેલની નવી જવાબદારીથી રાજકીય સમીકરણો બદલાવવાની શક્યતા...**

**લેઉવા પાટીદાર સમાજના એપિસેન્ટર ગણાતા ખોડલધામમાં મોટા ફેરફારથી ભાજપ અને વિપક્ષ બંનેમાં હિલચાલ તેજ...**

અમદાવાદ : ગુજરાતના રાજકારણમાં હંમેશા નિર્ણાયક ભૂમિકા ભજવનાર પાટીદાર સમાજ અને ખાસ કરીને લેઉવા પાટીદાર સમાજની આસ્થાના પ્રતીક સમાન 'ખોડલધામ' ટ્રસ્ટમાં એક મોટા ફેરફારના સમાચાર વહેતા થયા છે. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના પુત્રી અનાર પટેલને ખોડલધામના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવતા રાજ્યના રાજકારણમાં મોટો ગણગણાટ શરૂ થયો છે.

રાજકીય ભૂકંપના એંધાણ? ખોડલધામ માત્ર એક ધાર્મિક સંસ્થા નથી, પરંતુ ગુજરાતના રાજકારણનું 'શક્તિપીઠ' ગણાય છે. નરેશ પટેલના નેતૃત્વમાં ખોડલધામે છેલ્લા એક દાયકામાં પોતાની મજબૂત પકડ જમાવી છે. ત્યારે હવે અનાર પટેલની એન્ટ્રીને રાજકીય પંડિતો એક મોટી રણનીતિના ભાગરૂપે જોઈ રહ્યા છે. આ નિયુક્તિને આગામી ચૂંટણીઓ અને પાટીદાર મતબેંકને એકજૂથ રાખવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

અનાર પટેલની ખોડલધામના અધ્યક્ષ તરીકેની વરણી માત્ર સામાજિક ઘટના નથી, પરંતુ આવનારા સમયના ગુજરાતના રાજકીય ભવિષ્યનો ચિતાર આપતી ઘટના છે. હવે જોવાનું એ રહે છે કે આ નવી જવાબદારી સાથે તેઓ સમાજ અને રાજકારણ વચ્ચે કેવું સંતુલન જાળવી શકે છે.

મુખ્ય ૩ કારણો જેનાથી રાજકારણ ગરમાયું:

આનંદીબેન પટેલનું વર્ચસ્વ: અનાર પટેલ સક્રિય રાજકારણમાં સીધા નથી, પરંતુ તેઓ આનંદીબેન પટેલના પુત્રી છે. આ નિયુક્તિથી પરોક્ષ રીતે આનંદીબેન પટેલનું જૂથ ફરી મજબૂત થયાના સંકેતો મળી રહ્યા છે.

મહિલા નેતૃત્વઃ ખોડલધામ જેવા મોટા ટ્રસ્ટમાં મહિલાને સર્વોચ્ચ સ્થાન આપીને સમાજે 'મહિલા સશક્તિકરણ'નું ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેની અસર મહિલા મતદારો પર પણ પડી શકે છે.

ભાજપનું સોફ્ટ કોર્નરઃ અનાર પટેલ સામાજિક કાર્યકર તરીકે જાણીતા છે, પરંતુ તેમનું બેકગ્રાઉન્ડ ભાજપ સાથે જોડાયેલું છે. આથી, ખોડલધામ અને સત્તાધારી પક્ષ વચ્ચેના સંબંધો વધુ ગાઢ બની શકે છે.


વિશ્લેષકોનું શું માનવું છે? રાજકીય વિશ્લેષકોના મતે, "સૌરાષ્ટ્રના રાજકારણમાં મોટા ફેરફારો લાવશે. ખાસ કરીને જે રીતે નરેશ પટેલના રાજકારણમાં જોડાવા અંગે અટકળો ચાલતી હતી, તેના પર હવે પૂર્ણવિરામ મુકાઈ શકે છે અથવા નવી દિશા મળી શકે છે."

વિપક્ષની નજરઃ બીજી તરફ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ આ ઘટનાક્રમ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. ખોડલધામનું વલણ હંમેશા ચૂંટણી સમયે મહત્વનું રહ્યું છે, ત્યારે અનાર પટેલના નેતૃત્વમાં સંસ્થાનો ઝુકાવ કઈ તરફ રહે છે તે જોવું રસપ્રદ રહેશે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda
શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ





શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## સ્માર્ટ સિટીની ગંભીર બેદરકારી

# અખબારનગર સર્કલ પર લાંબા સમયથી ટ્રાફિક સિગ્નલ બંધ!

### અખબારનગરનો ટ્રાફિક જામ : મેટ્રોનું કામ પત્યું, પણ સિગ્નલ કેમ ચાલુ ન થયા?ટ્રાફિક વિભાગ અને મ્યુ તંત્ર એકબીજાને આપે છે ખો...

અમદાવાદઃ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકથી ધમધમતા એવા નવા વાડજના 'અખબારનગર સર્કલ' પર છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક વ્યવસ્થા રામભરોસે ચાલી રહી છે. અહીંના ટ્રાફિક સિગ્નલો બંધ હોવાને કારણે વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે, જે રોજિંદા અકસ્માતો અને ટ્રાફિક જામનું કારણ બની ગયું છે.

મેટ્રોનું કામ પત્યું, પણ સિગ્નલ કેમ ચાલુ ન થયા?

સ્થાનિક રહીશો અને વાહનચાલકોના જણાવ્યા મુજબ, અગાઉ આ સર્કલ પર ટ્રાફિક સિગ્નલ રાબેતા મુજબ ચાલુ હતા અને વાહનવ્યવહાર શિસ્તબદ્ધ રીતે ચાલતો હતો. જોકે, જ્યારે આ રૂટ પર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી શરૂ કરવામાં આવી, ત્યારે કામચલાઉ ધોરણે સિગ્નલ બંધ કરવામાં આવ્યા હતા.

આશ્ચર્યની વાત એ છે કે મેટ્રોનું કામ પૂર્ણ થઈ ગયું છે અને મેટ્રો ટ્રેન દોડતી પણ થઈ ગઈ છે, તેમ છતાં તંત્ર દ્વારા હજુ સુધી નીચેના ટ્રાફિક સિગ્નલો ફરી શરૂ કરવાની તસ્દી લેવામાં આવી નથી.ટ્રાફિક સિગ્નલનું કામ એ ટ્રાફિક પોલીસ અને મ્યુ કોર્પોરેશનનું સંયુકત નિગરાનીમાં આવે છે, પરંતુ મંજુરી સહિતના મુદ્દાઓ પર એકબીજાને માથે ઢોળતા હોવાનું



જાણવા મળ્યું છે.

સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોની પ્રબળ માંગ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસ વિભાગ તાત્કાલિક ધોરણે અખબારનગર સર્કલના સિગ્નલો રીપેર કરી ફરી કાર્યરત કરે, જેથી ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે...

૫ રસ્તાઓનું જંકશન બન્યું માથાનો દુખાવો

અખબારનગર સર્કલ એ સામાન્ય ચાર રસ્તા નથી, પરંતુ પાંચ રસ્તાઓ (૫ Roads Junction) ભેગા થતું એક અત્યંત વ્યસ્ત જંકશન છે. અહીં:

૧૩૨ ફૂટ રિંગ રોડ (બંને તરફ)

નવા વાડજ તરફ જતો રોડ

નિર્ણયનગર ગરનાળા તરફનો રોડ

બીઆરટીએસ (BRTS) રૂટ

આ પાંચેય દિશામાંથી આવતા વાહનો જ્યારે એકસાથે સર્કલ પર ભેગા થાય છે, ત્યારે સિગ્નલના અભાવે 'પહેલા હું' ની લ્હાયમાં ટ્રાફિક લોક થઈ જાય છે.

રોજિંદી મુશ્કેલીઓ

અકસ્માતનો ભયઃ પાંચેય રસ્તા પરથી વાહનો અસ્તવ્યસ્ત રીતે ઘૂસી જતા હોવાથી નાના-મોટા અકસ્માતો રોજિંદી ઘટના બની ગઈ છે.

પદયાત્રીઓની હાલત કફોડીઃ સિગ્નલ બંધ હોવાથી રાહદારીઓ માટે રસ્તો ક્રોસ કરવો જીવના જોખમ સમાન બની ગયું છે.

પોલીસની ગેરહાજરીઃ પીક અવર્સ દરમિયાન ઘણીવાર ટ્રાફિક પોલીસ જવાનો હાજર હોતા નથી, જેના કારણે સ્થિતિ વધુ વણસી જાય છે.

## NDPSના ખોટા કેસમાં ફસાવવાના ષડયંત્રમાં બેની ધરપકડ

# વાડજ પોલીસની સતર્કતાને કારણે નિર્દોષની જિંદગી બરબાદ થતા બચી

અમદાવાદ : અમદાવાદમાં વાડજ પોલીસે એક નિર્દોષ નાગરિકને NDPSના ખોટા કેસમાં ફસાવવાના ઈરાદાને નિષ્ફળ બનાવ્યો છે. સંબંધી સાથેની જૂની અદાવતનું વેર વાળવા માટે કારમાં નશીલા પાવડરના પડીકાં મૂકી પોલીસને જાણ કરનાર બે શખસોની પોલીસે ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની વિગતે વાત કરીએ તો, આ ઘટનાની શરૂઆત ૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થઈ હતી. પ્રદ્યુમન લુહાર નામના શખસે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને એવી માહિતી આપી હતી કે એક ઈકો કારમાં શંકાસ્પદ પાવડરના પડીકાં પડ્યા છે. કંટ્રોલ રૂમના મેસેજને આધારે વાડજ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.પોલીસે ત્યાં પહોંચીને તપાસ કરતા ગાડીમાંથી કોઈ વસ્તુ ન મળી, જે બાદ પોલીસને બાતમી આપનાર પ્રદ્યુમન લુહાર પોતે ગાડી પાસે ગયો અને ગાડીમાં



સંતાડેલ ડ્રગ્સની પડીકા કાઢીને પોલીસને આપ્યા હતા.

જે પડીકામાં 'અલ્પ્રાઝોલમ' (નશીલો પાવડર)ના ૧૦ પડીકાં મળી આવ્યા હતા. બાતમી આપનાર પ્રદ્યુમન લુહાર પર પોલીસને પહેલાથી શંકા જણાતા પોલીસે તે સમયે ગાડી માલિક ગોપાલ લુહાર સામે માત્ર જાણવાજોગ દાખલ કરી હતી. જે બાદમાં તેની પૂછપરછ કરતા સામે આવ્યું કે, પોલીસે દરોડા પાડ્યા તેની ગાડીમાં સંજય લુહાર અને અન્ય એક વ્યક્તિ બેઠો હતો, જેથી સંજયને બોલાવી પૂછપરછ કરતા આરોપીનો ભાંડો ફૂટી ગયો હતો. વાડજ પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તપાસમાં બહાર આવ્યું કે, આ પાવડર અકસ્માતે મળ્યો નહોતો, પરંતુ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે કારમાં મૂકવામાં આવ્યો હતો. પ્રદ્યુમન લુહારે તેના પરિચિત સંજય ઉર્ફે ડીડીઓ લુહારની મદદથી ગોપાલભાઈને જેલ ભેગા કરવા અને તેમની પ્રતિષ્ઠા ખરડવા માટે આ ખતરનાક ખેલ ખેલ્યો હતો.

પોલીસ તપાસ મુજબ, પ્રદ્યુમન અને તેના સંબંધી ગોપાલભાઈ વચ્ચે છેલ્લા ઘણા વર્ષોથી પૈસાની લેતી-દેતી બાબતે ઉગ્ર વિવાદ ચાલતો હતો. આ આર્થિક ઝઘડાએ વેરનું સ્વરૂપ ધારણ કર્યું હતું. પ્રદ્યુમને ગોપાલભાઈને ગંભીર કાયદાકીય મુસીબતમાં ફસાવવા માટે પોતાના એક મિત્રની મદદથી આ કાવતરું ઘડ્યું હોવાનું કબૂલ્યું છે.

આમ વાડજ પોલીસની સતર્કતાને કારણે NDPS એક્ટનો દુરુપયોગ થતો અટક્યો છે અને એક નિર્દોષ નાગરિક ખોટા કેસમાં ફસાતા બચી ગયો છે. હાલમાં પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપીઓએ આ નશીલો પદાર્થ ક્યાંથી મેળવ્યો હતો અને અગાઉ પણ કોઈને આ રીતે ફસાવ્યા છે કે કેમ.












## અમદાવાદમાં હાઉસિંગ બોર્ડની ૫૩ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ

# નારણપુરાનો કાયાકલ્પ, નવું 'રીયલ એસ્ટેટ હબ' બનશે

**રીડેવલપમેન્ટ પોલિસી અને હાઉસિંગ બોર્ડની સક્રિયતાને કારણે અમદાવાદના હજારો પરિવારોનું 'સ્વપ્નનું ઘર' હવે હકીકત બનવા જઈ રહ્યું છે. આગામી ૨-૩ વર્ષમાં અમદાવાદના નારણપુરા સહિત અનેક વિસ્તારો એક નવી ઓળખ સાથે ધબકતા થશે...**

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : ગુજરાત હાઉસિંગ બોર્ડની જૂની અને જર્જરિત વસાહતો હવે ઇતિહાસ બની જશે અને તેની જગ્યાએ આધુનિક હાઈરાઈઝ બિલ્ડિંગો સ્થાન લેશે. રાજ્યભરમાં ચાલી રહેલી રીડેવલપમેન્ટની કામગીરીમાં અમદાવાદ મોખરે છે, જેમાં ખાસ કરીને પશ્ચિમ વિસ્તારનું 'નારણપુરા' રીડેવલપમેન્ટનું એપીસેન્ટર બનીને ઉભરી રહ્યું છે.

અમદાવાદ શહેરમાં પૂર્વની સરખામણીમાં પશ્ચિમના અનેક વિસ્તારોમાં આવેલ હાઉસીંગ બોર્ડની હાઉસીંગ કોલોનીઓમાં છેલ્લાં ત્રણ-ચાર વર્ષોથી જાગૃતિમાં મોટો જુવાળ આવ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. જેનું મુખ્ય કારણ એ છે કે મોટાભાગની સોસાયટીઓમાં ૪૦ થી ૪૫ વધુ વર્ષ જુની અને જર્જરિત થઈ છે. સોસાયટીઓમાં રોડ, લાઈટ, પાણી અને પાર્કિંગ સહિતની સમસ્યાઓ વિકરાળ બની રહી છે. જેના કારણે હાઉસીંગ બોર્ડની અનેક સોસાયટીઓ રિડેવલપમેન્ટમાં જોડાઈ રહી છે ત્યારે પૂર્વની સરખામણીમાં પશ્ચિમમાં વિસ્તારમાં એમાંય નારણપુરામાં અનેક હાઉસિંગ એપાર્મેન્ટ (સોસાયટીઓ) રીડેવલપમેન્ટમાં જોડાઈ રહી છે, રીડેવલપમેન્ટ માટે વાટાઘાટો નિર્ણાયક તબક્કામાં હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.આ સિવાય બીજી અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટને લઈને રહીશોમાં ચર્ચાઓ અને મિટિંગ શરૂ થઈ છે અને રહીશો સ્થાનિક એસોસિયેશન સમક્ષ રીડેવલપમેન્ટની માગણી કરી રહ્યા છે.

ગુજરાત હાઉસિંગ બોર્ડના તાજેતરના આંકડાઓ મુજબ, રાજ્યમાં કુલ ૬૦ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે, જેમાંથી ૫૩ સોસાયટીઓ માત્ર અમદાવાદમાં જ છે. આ તમામ સોસાયટીઓ માટે ડેવલપરની નિમણૂક કરી દેવામાં આવી છે. જેમાં હાલ ૧૦ સોસાયટીઓમાં બાંધકામ પુરજોશમાં શરૂ પણ થઈ ચૂક્યું છે.સાથે સાથે એક ચર્ચા પ્રમાણે અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની મિટીંગ અને ચર્ચાઓ ચાલી રહી છે, આગામી સમયમાં અનેક સોસાયટીઓ પણ રીડેવલપમેન્ટ માટે આગળ આવી શકે તેમ છે.

**શહેરની સ્કાયલાઈન બદલાશે**

હાઉસિંગ બોર્ડની મોટાભાગની વસાહતો શહેરના પ્રાઈમ લોકેશન જેવા કે શાસ્ત્રીનગર, નારણપુરા, મેઘાણીનગર અને વાડજ જેવા વિસ્તારોમાં આવેલી છે. એકસાથે ૫૩ જેટલી સોસાયટીઓનું નવીનીકરણ થતાં આ વિસ્તારોની ભૌગોલિક અને આર્થિક સ્થિતિમાં મોટો બદલાવ આવશે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થતાં શહેરની રિયલ એસ્ટેટ માર્કેટમાં પણ તેજી જોવા મળી શકે છે.

**નારણપુરા વિસ્તારની રોનક બદલાશે:**

અમદાવાદના મધ્યમાં અને પ્રાઈમ લોકેશન પર આવેલા નારણપુરા વિસ્તારમાં હાઉસિંગ બોર્ડની અનેક જૂની વસાહતો આવેલી છે. રીડેવલપમેન્ટ પોલિસી હેઠળ આ વિસ્તારમાં સૌથી વધુ કામગીરી જોવા મળી રહી છે.

**પ્રાઈમ લોકેશનનો લાભ:** નારણપુરાના મુખ્ય રસ્તાઓ અને મેટ્રો કનેક્ટિવિટીને કારણે અહીંના હાઉસિંગ બોર્ડના મકાનોના રીડેવલપમેન્ટમાં ડેવલપર્સ અને રહીશો બંનેને મોટો રસ છે.

**સ્કાયલાઈનમાં બદલાવ:** નારણપુરામાં જ્યાં હાલ બે-ત્રણ માળના જૂના મકાનો છે, ત્યાં આગામી સમયમાં ગગનચુંબી ઈમારતો શોભા વધારશે. જેના કારણે વિસ્તારની પ્રોપર્ટી માર્કેટમાં પણ તેજીનો સંચાર થશે.

**રહીશોને થશે બમણો ફાયદો**

હાઉસિંગ બોર્ડની આ પોલિસીથી નારણપુરા અને આસપાસના વિસ્તારના મધ્યમ વર્ગના પરિવારોને સૌથી મોટો ફાયદો થશેઃ

**નવું અને સુરક્ષિત ઘરઃ** દાયકાઓ જૂના જર્જરિત મકાનોની ચિંતામાંથી મુક્તિ મળશે.

**વધુ કાર્પેટ એરિયા:** લાભાર્થીઓને કોઈપણ ખર્ચ વગર તેમના હાલના મકાન કરતાં મોટું અને વધુ સુવિધાવાળું ઘર મળશે.

**લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલ:** નવી સ્કીમમાં લિફ્ટ, જોગિંગ ટ્રેક, ગાર્ડન અને સીસીટીવી જેવી આધુનિક સુવિધાઓ ઉમેરાશે, જે નારણપુરા જેવા વિસ્તારમાં જીવનધોરણ ઊંચું લાવશે.

**રહીશોને શું ફાયદો થશે?**

રીડેવલપમેન્ટના કારણે વર્ષો જૂના અને જર્જરિત મકાનોમાં રહેતા મધ્યમ વર્ગના પરિવારોને સૌથી વધુ ફાયદો થશે.

**આધુનિક સુવિધાઓ:** જૂના મકાનોની સામે હવે લિફ્ટ, વિશાળ પાર્કિંગ, સીસીટીવી કેમેરા અને ગાર્ડન જેવી આધુનિક સુવિધાઓ મળશે.

**વધુ કાર્પેટ એરિયા:** નવી પોલિસી મુજબ લાભાર્થીઓને તેમના હાલના મકાન કરતા વધુ કાર્પેટ એરિયાવાળા નવા મકાનો વિનામૂલ્યે મળશે.

**સલામતી:** જર્જરિત બાંધકામો પડવાના ભયમાંથી મુક્તિ મળશે અને સ્ટ્રક્ચરલ સેફ્ટી સાથેના નવા ઘરો મળશે.

ગુજરાત સરકારની રીડેવલપમેન્ટ પોલિસી અને હાઉસિંગ બોર્ડની સક્રિયતાને કારણે અમદાવાદના હજારો પરિવારોનું 'સ્વપ્નનું ઘર' હવે હકીકત બનવા જઈ રહ્યું છે. આગામી ૨-૩ વર્ષમાં અમદાવાદના નારણપુરા સહિત અનેક વિસ્તારો એક નવી ઓળખ સાથે ધબકતા થશે.

# AMC એ કર્યું બુદ્ધિનું પ્રદર્શન, રોડ સાંકડો ને ફૂટપાથ મોટી, ભાજપના સત્તાધીશોએ આખરે કામગીરી બંધ કરાવી

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની વિચાર્યા વિનાની કામગીરી એકવાર ફરી ચર્ચાના કેન્દ્રમાં છે. શહેરના વ્યસ્ત રહેતા એવા CG રોડ પર ચાલી રહેલી રોડ-ફૂટપાથની કામગીરી દરમિયાન ગંભીર બેદરકારી સામે આવી છે. ૧૮ મીટર પહોળો રોડ અડધા રસ્તામાં જ ફૂટપાથ બનાવી દેવાથી હવે ૧૮ મીટર પહોળો રસ્તો માત્ર ૯ મીટરનો રહી ગયો છે. જેને લઈને ભાજપના પદાધિકારીઓ દ્વારા રોડ બનાવવાની કામગીરીને બંધ કરાવવામાં આવી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, નવરંગપુરા વિસ્તારમાં સરદાર પટેલ સેવા સમાજ પાસે CG રોડ પર ગિરીશ કોલડ્રિંક પાછળ ચાલી રહેલી કામગીરીમાં કોન્ટ્રાક્ટરે ૯ મીટરના રોડ પર ૩.૫ મીટર પહોળી ફૂટપાથ ઊભી કરાતા રસ્તો સાંકડો થઈ ગયો છે. પરિણામે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને ટ્રાફિક જામની સમસ્યા ઉદભવે એવા રોડ બનાવવાની કામગીરી કરતા ભાજપના પદાધિકારીઓ દ્વારા રોડ બનાવવાની કામગીરીને બંધ કરાવવામાં આવી છે. આ સમગ્ર મામલે કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને સ્થળ પર નિરીક્ષણ કરી હયાત રોડ પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેને લઈ કામગીરી કરવા સૂચના આપી છે.

કારણ કે ૯ મીટરના રોડ પર ૩.૫ મીટરની ફૂટપાથ બનાવી દેતા રોડ સાવ સાંકડો થઈ ગયો છે. જેના લીધે લોકોને ભારે હાલાકી પડી રહી છે.

શહેરમાં અનેક જગ્યાએ રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે જેમાં કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ દ્વારા કામગીરી થતી હોય છે. ભાજપના નેતાઓ દ્વારા રોડ કમિટીમાં રોડ મંજૂર કરાવી દેવામાં આવે છે, પરંતુ ત્યારબાદ કેવો રોડ બનશે તે અંગે કોઈ યોગ્ય ચકાસણી થતી નથી. ભાજપના નેતાઓએ પ્રોજેક્ટ વિભાગ દ્વારા જે રોડ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે તેના ઉપર બ્રેક લગાવી દીધી છે.



### રાજસ્થાનની ટોળકી કાળું લોહી કાઢવાના બહાને વૃદ્ધોને ટાર્ગેટ કરી રહી છે

# નકલી ડોકટર બની સારવાર આપવાના નામે લોકોને ઠગતી પાંચ ગેંગ સક્રિય

અમદાવાદ : કલાસવન અધિકારીના માતાપિતા સાથે નકલી ડોકટર એન્જીનીયર બની સારવારના નામે કાળું લોહી કાઢવાના એક ટીપા દીઠ ૭ હજાર લઈ છેતરપીડી કરનાર ગેગના સાગરીતની ત પાસમાં નવો ઘટસ્ફોટ થયો છે. રાજસ્થાનના અંતા ગામની આ પ્રકારે છેતરતી ચાર થી પાંચ ગેગ સક્રીય હોવાની વિગતો પોલીસને મળી છે.

રિપોર્ટ મુજબ, બેક કર્મચારીની સર્તકતાથી કલાસ વન અધિકારીના માતાપિતા સાથે ઠગાઈ કરનાર ટોળકીનો સાગરીત પકડાયો હતો. અમદાવાદ સાયબર સેલની ટીમે વૃદ્ધ ડીજીટલ એરેસ્ટની ભોગ બન્યાની બેક કર્મચારીની માહિતી આધારે ડ્રાઈવ ઈન રોડ પરની એસબીઆઈ બેકમાં વોચ ગોઠવી અઠવાડીયા પહેલા ૮૦ વર્ષના વૃદ્ધની પુછપરછ કરી હતી. વૃદ્ધે એકજ દિવસમાં બેકમાંથી ૬.૭૦ લાખની રકમ વીડ્રો કરતા ડીજીટલ એરેસ્ટનો ભોગ બન્યાની શંકા હતી જોકે, વૃદ્ધની પુછપરછમાં તેઓની પત્ની સારવાર માટે આવેલા શખ્સો કાળું લોહી કાઢી એક ટીપા દીઠ ૭ હજાર લેતા હોવાની વાત કરી હતી. વૃદ્ધ સાથે ઠગાઈ થયાનું સમજી ગયેલા અધિકારીઓએ બેકની આસપાસ ફરી નજર રાખવા શખ્સ મો.અમજદ મો.મેહમુદને પકડયો હતો.


આ મો.અમજદની પુછપરછમાં ખુલાસો થયોકે, તેના સાગરીતો ડો.દીવાન આસીસ્ટન્ટ ધનરાજ પાટીલ અને એન્જીનીયર નિતીન અગ્રવાલ બની સારવારના નામે લોકો સાથે છેતરપીડી કરે છે. ભોગ બનેલી વ્યકિત તેઓને નાણાં ચુકવવા માટે બેકમાંથી પૈસા ઉપાડતી વખતે અન્ય કોઈને વાત કરે છે કે નહી તેમજ કયાં જાય છે. તે બાબતે વોચ રાખતો હતો. મો.અમજદે પોલીસને જણાવ્યું કે રાજસ્થાનના બારાં જીલ્લાના અંતા ગામનો પોતે રહેવાસી છે. આ ગામની આવી ૪થીપ ગેગ ગુજરાતમાં સક્રીય છે. આ ગેગના સભ્યો નકલી ડોકટર બની લોકો સાથે ઠગાઈ આચરે છે. આ આધારે સાયબર સેલ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. મો. અમજદાના બીજા ફરાર સાગરીતોને પણ શોધ ચલાવવામાં આવી રહી છે. આ અંગે ગેગ દ્વારા અનેક લોકોને ભોગ બનાવ્યાની થીયરી આધારે પોલીસ દ્વારા સઘન તપાસ ચાલી રહી છે.

### વાહનચાલકો સાવધાન

# મોડીફાઈડ સફેદ હેડલાઈટ હશે તો કાર્યવાહી થશે, વાહન વ્યવહાર વિભાગનો મોટો નિર્ણય

ગાંધીનગર : ગુજરાતના વાહનચાલકો માટે એક મહત્વના અને લાલબત્તી સમાન સમાચાર સામે આવ્યા છે. રાજયના વાહન વ્યવહાર વિભાગે મહત્વપૂર્ણ સૂચના જાહેર કરી છે. આ સૂચના ખાસ કરીને એવા વાહનચાલકો માટે છે જેમના વાહનોમાં અતિ તેજસ્વી સફેદ હેડલાઇટ લગાવેલ હોય. સામાન્ય વાહનચાલકો દ્વારા કહેવામાં આવ્યું છે કે, આ પ્રકારની હેડલાઇટથી વાહનચાલકોને રાત્રિના સમયે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, વાહન વ્યવહાર વિભાગ દ્વારા તમામ આરટીઓને આ મુદ્દે સૂચના આપી દેવાઈ છે અને આ અંગે કોઈપણ ફરિયાદ મળતા જ તેના પગલે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.વિભાગે રાજયની તમામ આરટીઓ કચેરીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે ચેકિંગ દરમિયાન જે વાહનોમાં નિયમ વિરુદ્ધની ડેઝલિંગ લાઈટ્સ જોવા



મળે, તેમની સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.ખાસ કરીને એ વાહનચાલકો માટે આ મહત્વપૂર્ણ છે જેમના વાહનમાં અતિ તેજસ્વી સફેદ હેડલાઇટ્સ લાગેલા હોય.


આ નિર્ણય લેવા પાછળનું મુખ્ય કારણ માર્ગ સુરક્ષા છે. રાત્રિના સમયે ડ્રાઈવિંગ કરતી વખતે સામેથી આવતા વાહનની અતિ તીવ્ર સફેદ લાઈટને કારણે ચાલકની આંખો અંજાઈ જાય છે, આના કારણે ડ્રાઈવર સામેનું દ્રશ્ય સ્પષ્ટ જોઈ શકતો નથી અને ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા વધી જાય છે. ઘણા કિસ્સાઓમાં આવી લાઈટ્સ જીવલેણ સાબિત થઈ છે. તેથી, હવે 'નાઈટ ડ્રાઈવિંગ' સુરક્ષિત બનાવવા માટે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે.

માત્ર ચેતવણી આપીને છોડવામાં નહીં આવે, પરંતુ હવે નિયમ તોડનારાઓ સામે કડક પગલાં લેવાશે. આરટીઓ અને ટ્રાફિક પોલીસના ચેકિંગમાં જો કોઈ વાહનમાં નિયત મર્યાદા કરતા વધુ તીવ્રતાવાળી અથવા આફટર માર્કેટ વાઈટ લાઈટ જોવા મળશે, તો વાહનચાલકને મેમો ફટકારવામાં આવશે. એટલું જ નહીં, આવી લાઈટોને સ્થળ પર જ જપ્ત કરવાની અથવા ઉતરાવી લેવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ (CMVR) મુજબ હેડલાઈટના ચોક્કસ માપદંડો છે, જેનો ભંગ કરવો એ ગુનો બને છે.










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.